**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

જીસીસીઆઈ/DYSGR2/IND/2019-20/11899

૧ ઓક્ટોબર, ૨૦૧૯

પ્રતિ,
શ્રી. વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્ય મંત્રીશ્રી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર.

**માનનીય મુખ્ય મંત્રીશ્રી,**

આપની કુશળતા ઈચ્છુ છું.

સૌ પ્રથમ તો અમોને રૂબરૂ મુલાકાતનો સમય આપવા બદલ આપના હૃદયપૂર્વક આભારી છીએ.

હાલમાં N.G.T. દ્વારા C.E.P.I. ના તા. ૧૦-૭-૨૦૧૯ અને ૨૩-૮-૨૦૧૯ ના ચુકાદા અન્વયે તથા અન્ય એન્વાયરોન્મેન્ટલ પોલીસી અંગે આપની સાથે વિસ્તૃત ચર્ચા કરવાની છે. જેના મુખ્ય અંશો નીચે મુજબ છે.

(૧) **N.G.T. ના C.E.P.I. અંગેના ચુકાદાઓ તથા તેના પછી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે.**

N.G.T. ના ચુકાદાને કારણે હાલમાં ગુજરાતની મુખ્ય ઔદ્યોગિક વસાહતો અત્યંત અસમંજસની સ્થિતિમાં છે. **અગાઉ તા. ૧૬-૯-૨૦૧૯ના રોજ કાગળ આપેલ છે જે આ સાથે બિડેલ છે.** આનો તાત્કાલિક ઉપાય તરીકે અમારી આપશ્રી ને વિનંતી છે કે આપ ભારત સરકારના પર્યાવરણ મંત્રી માનનીયશ્રી પ્રકાશ જાવડેકર સાથે પરામર્શ કરી C.P.C.B. તથા G.P.C.B. દ્વારા તમામ વસાહતોમાં C.E.P.I. ૨૦૧૬ ની ગાઈડલાઈન મુજબ ત્વરિત C.E.P.I. સ્કોર કરાવી અને N.G.T. માં મોકલી આપવાનો છે. આ અંગેનો વિસ્તૃત છણાવટ આ સાથે બિડેલ છે.

(૨) **G.P.C.B. દ્વારા અકસ્માત કેસમાં F.I.R. તથા Closure અને પેનલ્ટી લગાવવા બાબત.**

જ્યારે કોઈ કંપનીમાં અકસ્માત થાય છે ત્યારે ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ ડીપાર્ટમેન્ટ ફેક્ટરી એક્ટ મુજબ કડક પગલા લે જ છે. અને અકસ્માતની તીવ્રતા અનુસાર પોલીસ વગેરે પણ પોતાના કાયદા અનુસાર પગલા લે છે. પરંતુ G.P.C.B. પણ ઈન્ડસ્ટ્રીને ક્લોઝર આપે છે. પોલીસમાં F.I.R. નોંધાવે છે અને નાણાંકીય દંડ પણ કરે છે. જે ઈન્ડસ્ટ્રીઝ માટે અન્યાયકર્તા છે. તો તાત્કાલિક અસરથી અકસ્માત કેસમાં માત્ર ફેક્ટરી એક્ટ મુજબજ કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી.

(૩) **જોખમી ઘન કચરાને સોલાર સીસ્ટમ દ્વારા સુકાવવો.**

G.P.C.B. દ્વારા તા. ૧૫-૫-૨૦૧૯ ના રોજ ગુજરાત રાજ્યના તમામ C.E.T.P., T.S.D.F. તથા ઈન્ડસ્ટ્રીઝ કે જે ૩૦૦ ટન/માસ કરતાં વધારે ઘન કચરો ઉત્પન્ન કરે છે. તેને સોલાર ડ્રાઈંગ સીસ્ટમ દ્વારા સુકાવવાની ફરજ પાડી રહી છે. આ સીસ્ટમ ખુબજ જગ્યા માંગી લે છે તથા ખુબજ ખર્ચાળ પણ છે. આથી G.P.C.B. ની ૧૫-૫-૨૦૧૯ નું જાહેરનામું રદ્દ કરવા યોગ્ય કરશો, અને આનાથી ટ્રાન્સપોર્ટેશનમાં રોડ ઉપર ડસ્ટીંગ થાય તે વધુ હાનિકારક છે.

(૪) **ડીપ-સી ડિસ્ચાર્જ પાઈપલાઈન**
**અમદાવાદ, વડોદરા અને જેતપુરના ટ્રીટમેન્ટ કરેલ એફ્લ્યુએન્ટ દરિયામાં નિકાલ માટેની પાઈપલાઈન યોજના ત્વરિત પૂર્ણ કરવા અંગે.**

આપ વિદિત છો તેમ અમદાવાદ, વડોદરા અને જેતપુરમાં આવેલ ૪૪૬૫ કંપનીઓ દ્વારા પોતપોતાના એરિયામાં આવેલ C.E.T.P. માં ટ્રીટમેન્ટ કરેલ એફ્લ્યુએન્ટ છોડવામાં આવે છે. તથા આ C.E.T.P. માં આગળની ટ્રીટમેન્ટ થઈને હાલમાં નદીઓમાં છોડવામાં આવે છે. પરંતુ આપના માર્ગદર્શન હેઠળ આ ત્રણેય ઔદ્યોગિક વસાહતો માટે રૂ.૨૨૭૫ કરોડની ઊંડા દરિયામાં નિકાલ માટેની પાઈપલાઈન યોજનાઓ બનાવવામાં આવી છે. અને ગુજરાત રાજ્યના સને ૨૦૧૯-૨૦૨૦ માં તેના માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ યોજના ઉપરોક્ત તમામ ઔદ્યોગિક વસાહતો માટે જીવાદોરી સમાન છે. તેથી મારી આપને ખાસ વિનંતી છે કે તેને ત્વરિત રીતે પૂરી કરવા માટે યોગ્ય માર્ગદર્શન જે તે લાગતા વળગતા ખાતાઓને આપશો, આ અંગે નરોડા, ઓઢવ, વટવા, જેતપુરના CETP એ તેમનો ફાળો GPCB ને આપી દીધેલ છે.

**(૫) G.P.C.B. ની પર્યાવરણ સુરક્ષાના વળતર અંગેની નીતિ.**

G.P.C.B. દ્વારા પર્યાવરણના કાયદાના ભંગ અંગેની બેંક ગેરન્ટીની નીતિ ૨૦૦૮ થી અમલમાં છે. તેમ છતાં G.P.C.B. દ્વારા ઘણી વખત પર્યાવરણ ભંગના કીસ્સામાં ખુબજ મોટુ વળતર માંગવામાં આવે છે. જે અયોગ્ય અને અન્યાયકર્તા છે. આથી G.P.C.B. ને ૨૦૦૮ ની બેંક ગેરન્ટીની માર્ગદર્શિતામાં વળગી રહેવા સૂચના આપશો. નાના ઉદ્યોગોની આર્થિક શક્તિને ધ્યાનમાં લેવા ખૂબ જરૂરી છે.

**(૬) સામુહિક પર્યાવરણ જાળવણીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નાણાંકીય સહાય વધારી આપવા અંગે.**

હાલમાં I.C. ડીપાર્ટમેન્ટ દ્વારા સામુહિક પર્યાવરણ જાળવણીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આપવામાં આવતી નાણાંકીય સહાયની વહેંચણીમાં ખુબજ સમય લાગી જાય છે જેને યોગ્ય સમયગાળામાં વહેંચણી થાય તેવી વ્યવસ્થા કરી આપવા વિનંતી. આને કારણે યોજનાઓ ખોરવાઈ જાય છે.

**(૭) જોખમી ઘનકચરાની સાઈટ (ટી.એસ.ડી.એફ.)**

હાલમાં ગુજરાત રાજ્યમાં ફક્ત ત્રણ જોખમી ઘનકચરાની સાઈટ કાર્યરત છે અને તે ત્રણે ખાનગી કંપનીઓ દ્વારા જ ચાલી રહેલ છે અને તેઓ ઈન્ડસ્ટ્રી પાસેથી ખુબજ ઉંચા ભાવે ડમ્પીંગ માટે ઘન કચરો સ્વીકારે છે.

અગાઉ નરોડા અને વટવા આ બંને એસોસીયેશનો તરફથી "નહી નફો નહી નુકશાન" ના ધોરણે સાઈટ કાર્યરત હતી જ પરંતુ તે પૂર્ણ થતાં નવી જગ્યા સાઈટ માટે તેઓએ લીધેલ છે પરંતુ પબ્લીક હિયરીંગની જોગવાઈ હેઠળ જે તે NGO તેને પબ્લીક હિયરીંગમાં મંજુર થવા દેતા નથી.

અમારી નમ્ર અરજ છે કે સરકારશ્રી આવી જમીન પબ્લીક હિયરીંગ કરી તેને નોટીફાઈડ જાહેર કરી અને આવા એસોસીયેશનોને ઉપલબ્ધ કરવી જોઈએ.

મને આશા છે કે આપ અમારા ઉપરોક્ત વ્યાજબી પ્રશ્નોનું ત્વરિત નિવારણ લાવશો. તથા ગુજરાતના ઉદ્યોગ જગતમાં નવો પ્રાણ ફૂંકશો. જેથી કરીને આપણા માનનીય વડાપ્રધાનશ્રી ની પરિકલ્પના અનુસાર ભારતની અર્થવ્યવસ્થાને પાંચ ટ્રીલીયન સુધી લઈ જવામાં ગુજરાત પણ અગ્રેસરનો ફાળો આપી શકે.

આપના સહકારની અપેક્ષા સહ,

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**